# पुष्टिसंस्कारधाम


**Global Center for Education and Culture**

પુષ્ટિસંસ્કારધામ નિર્માણ
વિશિષ્ટ સહયોગ યોજના

A history is in making.. **Be a part of it..**


પુષ્ટિસંસ્કારધામ નિર્માણ
વિશિષ્ટ સહયોગ યોજના

# CAMPUS MASTER PLAN



## પુષ્ટિસંસ્કારધામ
## નિર્માણ સ્થાન

પુષ્ટિસંસ્કાર સંસ્થાન દ્વારા
પુષ્ટિસંસ્કારધામ પ્રોજેક્ટ
જૂનાગઢથી નજીક વડાલગામ પાસે
વડાલ-કાથરોટા રોડ પર નિર્માણ
થઈ રહ્યું છે.



પુષ્ટિસંસ્કારધામ નિર્માણ
વિશિષ્ટ સહયોગ યોજના

## નિર્માણ વિશિષ્ટ સહયોગ યોજના

**જે તે વિભાગમાં પત્થરથી નિર્મિત વિશિષ્ટ સહયોગી સ્થંભનું નિર્માણ થશે.**



# પુષ્ટિસંસ્કારધામ

## નિર્માણ વિશિષ્ટ સહયોગ યોજના

- પુષ્ટિસંસ્કારધામ અન્તર્ગત નિર્માણાધીન વિવિધ વિભાગો માટે વિશિષ્ટ સહયોગ યોજના છે.
- જે તે વિભાગના બાંધકામ સહયોગીના નામ તે વિભાગમાં નિર્માણ પામનારા વિશિષ્ટ સ્થંભમાં અંકિત કરવામાં આવશે.



શ્રીવલ્લભધામ



પુષ્ટિસંસ્કાર ગોશાલા



સંસ્કૃત વિદ્યાલય



પુષ્ટિસંસ્કાર સંસ્થાન હેડ ક્વાટર



પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠ




પુષ્ટિસંસ્કાર સ્કૂલ



પુષ્ટિસંસ્કાર ગુરુકુલ



અતિથિનિવાસ (કોટેજિસ્)



અતિથિનિવાસ (ફ્લેટ્સ)




ગોપાલપ્રસાદમ્ (ભોજનાલય)



ઉદ્યાન - શ્રીવલ્લભ વન




ઉદ્યાન - ગોકુલવન



ગોવિન્દઘાટ



પુષ્ટિસંસ્કારધામ મુખ્ય પ્રવેશદ્વાર



પુષ્ટિસંસ્કાર કન્વેન્શન લૉન



ઓડિટોરિયમ



એમ્ફિથિયેટર



## “ નિ.લી. ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી શ્રીપુરુષોત્તમલાલજી મહારાજશ્રી ”

(મોટી હવેલી-જૂનાગઢ)

નિ.લી. ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી શ્રીપુરુષોત્તમલાલજી મહારાજશ્રીનું સમ્પૂર્ણ જીવન સાત્ત્વિકતા અને ભગવદ્ભક્તિની ભાવનાથી ઓતપ્રોત રહ્યું. આપશ્રીના પરિચયમાં આવતા પ્રત્યેકને આપશ્રીના સરળ અને વૈદુષ્યપૂર્ણ સ્વભાવનો અનુભવ થતો.

ભગવદાશ્રયની દઢતા અને સર્વનું હિત થાય તેવી ભાવનાથી પ્રવૃત્ત રહેવું એ પ્રત્યેક વૈષ્ણવનું કર્તવ્ય છે એવું આપે આપના વિચાર-વાણી અને વ્યવહારથી પ્રસ્થાપિત કર્યું. ગોસેવા એ આપણી સંસ્કૃતિનું એક મહત્ત્વનું અંગ છે, વૈષ્ણવ માટે તો પ્રભુને પ્રિય એવું ગોવંશ વિશેષ આદરણીય છે. આ હેતુથી આપશ્રીએ ગોસેવાની આવશ્યકતા વિશે સમાજને જાગૃત કર્યો. આપશ્રીની પ્રેરણાથી ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારમાં અનેક ગામોમાં ૧૦૦ થી વધુ ગોશાલાની સ્થાપના થઈ છે. ગોશાલાનું આદર્શ રૂપ સ્થાપિત કરવા શ્રીવલ્લભ ગોશાલા (વાડલા)ની સ્થાપના આપશ્રી દ્વારા કરવામાં આવી. બાળકોને સંસ્કાર સાથે શિક્ષણ આપવા માટે મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય ગુરૂકુલ (ચોકી-સોરઠ)ની સ્થાપના આપશ્રીના માર્ગદર્શનમાં થઈ. આ રીતે આપશ્રીએ વૈષ્ણવ સમાજમાં પરિવર્તન લાવવા શ્રીવલ્લભાચાર્યજીના સિદ્ધાન્તોના પ્રચાર-પ્રસાર સાથે શિક્ષણ અને સામાજિક સુધારણાનું સંયોજન કરી અદ્‌ભૂત કાર્ય કરેલું છે.

**આપણા સૌભાગ્ય છે કે આવા દિવ્ય વ્યક્તિત્વયુક્ત આચાર્યશ્રીના આશીર્વાદ અને માર્ગદર્શન પુષ્ટિસંસ્કારધામને પ્રાપ્ત થયા છે.**

कृष्णसेवापरं वीक्ष्य दम्भादिरहितं नरम् ।
श्रीभागवत-तत्वज्ञं भजेद् जिज्ञासुरादरात् ।।



“ ગોસ્વામી
શ્રીપીયૂષબાવાશ્રી
શ્રીકિશોરચન્દ્રજી
મહારાજ શ્રી ”

(મોટી હવેલી-જૂનાગઢ)

આચાર્યની વ્યાખ્યા અનુસાર સ્વયં આચરણ કરી અને આચાર્ય તરીકેના પોતાના કર્તવ્યને પૂર્ણ કરવામાં આપશ્રી નિરન્તર પ્રયત્નશીલ છે. આચાર્યચરણ શ્રીવલ્લભાચાર્યજીના સિદ્ધાન્ત અનુસાર જીવન જીવી અને શિષ્યને તેવું જ જીવન જીવવાની આપશ્રી સતત પ્રેરણા આપી રહ્યા છે.

શ્રીવલ્લભના સિદ્ધાન્તોમાં નિરૂપિત શ્રીકૃષ્ણભક્તિના સંસ્કારો આપણા જીવનને પૂર્ણ અને આનંદમય બનાવી શકે તેવો આપનો દઢ અભિપ્રાય છે. આ સંસ્કાર સિંચન બાલ્યાવસ્થાથી થાય તો વિશેષ પરિણામદાયી બને.

આ વિચારધારાને પ્રસારિત કરવા માટે અને સમાજ, બાળકો અને યુવાનોમાં સંસ્કાર સિંચન માટે આપ સતત પ્રયત્નશીલ રહે છે. પરિણામ સ્વરૂપે બાળકો માટે પુષ્ટિસંસ્કાર પાઠશાલા, યુવાનો માટે પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠની સ્થાપના આપશ્રી દ્વારા કરવામાં આવી છે. જેમાં જોડાઇને હજારો બાળકો તથા યુવાનો પોતાના ધર્મ, આધ્યાત્મિકતા અને સંસ્કાર દ્વારા ઉન્નત વૈષ્ણવી જીવન જીવવાની પ્રેરણા પ્રાપ્ત કરે છે. આ પ્રવૃત્તિઓ સમન્વિતપણે થઇ શકે તે માટે પ્રભુપ્રેરણાથી આપશ્રીના મનમાં પુષ્ટિસંસ્કારધામનો સંકલ્પ પ્રકટ થયો.

**બાળકો - યુવાનો તથા પ્રત્યેક જન માટે સર્વાંગપૂર્ણ ઉન્નતિને ધ્યાનમાં લઇને શિક્ષણ - શાસ્ત્ર - સંસ્કૃતિ - સ્વાસ્થ્ય -સાત્ત્વિકતા આ પંચવિધ ઉન્નતિના આધારસ્તંભ પર પુષ્ટિસંસ્કારધામ નિર્માણનો આપશ્રીનો સંકલ્પ છે.**

“आचरयति इति आचार्य”
જે આચરણ કરે છે તે આચાર્ય છે.

# શ્રીવલ્લભધામ




- શ્રીવલ્લભધામ; સમગ્ર સંકુલના મધ્યમાં નિર્માણ કરવામાં આવશે જે સમ્પૂર્ણ શ્રીપુષ્ટિસંસ્કારધામ સંકુલનું આધ્યાત્મિક હૃદય હશે. અહીં શ્રીવલ્લભના સુંદર સ્વરૂપ પધરાવવામાં આવશે અને ભગવાન્ શ્રીકૃષ્ણની દિવ્ય લીલાઓ તથા શ્રીવલ્લભના જીવનચરિત્રનું સુંદર ચિત્રાંકન કરવામાં આવશે.

| | |
|---|---|
| Total Budget | approx. 15 Cr. |
| Total Unit Area | 10 Bigha |

**Specifications**

Built-up area of the total structure will be approx. 25000 sqr. ft. and approx. 100000 sqr. ft. of approach porch will be built with various stone Jarukha and baradari.

## શ્રીવલ્લભધામ સહયોગ યોજના

| | |
|---|---|
| શ્રીવલ્લભ આચાર્યકક્ષ નિર્માણ | ૧.૫૧ કરોડ x ૨ સ્થંભ |
| તિબારી અને દર્શન સ્થાન નિર્માણ | ૧.૨૧ કરોડ x ૪ સ્થંભ |
| શ્રીવલ્લભધામ મુખ્ય દ્વાર | ૧.૧૧ કરોડ |

| શ્રીવલ્લભધામ વિવિધ ઝરૂખાઓ | |
|---|---|
| ઝરૂખા ૦૧ | ૫૧ લાખ |
| ઝરૂખા ૦૨ | ૫૧ લાખ |
| ઝરૂખા ૦૩ | ૫૧ લાખ |
| ઝરૂખા ૦૪ | ૫૧ લાખ |

# પુષ્ટિસંસ્કાર ગોશાલા




- ગોમાતા એ આપણી ધર્મસંસ્કૃતિનું અભિન્ન અંગ છે. ગાયની સન્નિધિથી સાત્ત્વિકતા અને આંતરિક શાંતિનો અનુભવ થાય છે. આજે તો સહુ કોઈ; દેશી ગાયના દૂધ અને પંચગવ્ય ઉત્પાદનોના લાભ તેમજ મહત્ત્વને જાણતા થયા છે.
- ગોશાલામાં સુંદર સુવિધાપૂર્ણ ગો ખિરકનું તથા સંલગ્ન વ્યવસ્થા રૂપે ગોદામ, ગોવાળ નિવાસ કુટિર, કાર્યાલય આદિનું નિર્માણ થશે.
- પુષ્ટિસંસ્કાર ગોશાલા; પુષ્ટિસંસ્કારધામમાં આવનારા મુલાકાતીઓ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

| | |
|---|---|
| Total Budget | approx. 8 Cr. |
| Total Unit Area | 4 Bigha |

**Specifications**

Built-up area of the total structure will be approx. 45000 sqr. ft. and it will have a capacity of approx 250 Godhan.

## શ્રીપુષ્ટિસંસ્કાર ગોશાલા સહયોગ યોજના

| | | | |
|---|---|---|---|
| ગાયોની મુખ્ય ખિરક | ૧.૧૧ કરોડ | ગો ચરિયાન | ૩૧ લાખ |
| નંદી તથા વાછરડાઓની ખિરક | ૭૫ લાખ | પંચગવ્ય સ્ટોર | ૩૧ લાખ |
| વાછરડીઓની ખિરક | ૭૫ લાખ | દુગ્ધાલય તથા ઘી વિભાગ | ૩૧ લાખ |
| ગાયો માટેની હોસ્પિટલ | ૫૧ લાખ | ગોપાલક (ગોવાળ) ક્વાર્ટર | ૩૧ લાખ |
| પંચગવ્ય હીલીંગ સેન્ટર | ૫૧ લાખ | પુષ્ટિસંસ્કાર ગોશાલા કાર્યાલય | ૩૧ લાખ |
| ગોધન ઘાસચારા ગોડાઉન | ૫૧ લાખ | ગોશાલા ટ્રેનિંગ સેન્ટર | ૩૮ લાખ |
| ગોધન ખાણદાણ ગોડાઉન | ૫૧ લાખ | | |

# સંસ્કૃત વિદ્યાલય




- સંસ્કૃત વિદ્યાલયમાં ધોરણ ૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે સંસ્કૃતભાષા, વેદ, ઉપનિષદ્ શ્રીમદ્ભગવદ્ગીતા, શ્રીમદ્ભાગવત વગેરે અભ્યાસ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે અને તે માટે ગુરૂકુલ વ્યવસ્થા રહેશે.
- બાળકોને કોમ્પ્યૂટર, ઇંગ્લિશ, ગણિત, વિજ્ઞાન જેવા મહત્ત્વના વિષયોનું પણ જ્ઞાન પ્રાપ્ત કરાવવામાં આવશે.
- બાળકો યોગ-વ્યાયામ-રમતગમત આદિ દ્વારા સમ્પૂર્ણ વિકાસ પ્રાપ્ત કરશે.
- સંસ્કૃત વિદ્યાલયમાં યોગ્ય રીતે પ્રશિક્ષિત યુવાનો ધર્મ - સંસ્કૃતિના પ્રચાર દ્વારા રાષ્ટ્રનિર્માણમાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવશે.
- સંસ્કૃત વિદ્યાલય વિભાગમાં નિવાસ કુટિર, અધ્યયન કક્ષ, યજ્ઞશાલા આદિનું નિર્માણ થશે.

| | |
|---|---|
| Total Budget | approx. 7 Cr. |
| Total Unit Area | 6 Bigha |

**Specifications**

Built-up area of the total structure will be approx. 30000 sqr. ft.

## સંસ્કૃત વિદ્યાલય સહયોગ યોજના

| | | | |
|---|---|---|---|
| વિદ્યાર્થી નિવાસ | ૧.૧૧ કરોડ | નિત્ય સત્સંગશાળા | ૫૧ લાખ |
| ભોજનશાળા | ૧.૧૧ કરોડ | વલ્લભકુલ બાલક નિવાસ | ૫૧ લાખ |
| સંસ્કૃત વિદ્યાલય વિભાગ | ૫૧ લાખ | શાસ્ત્રીજી નિવાસ | ૫૧ લાખ |
| યજ્ઞશાળા | ૫૧ લાખ x ૨ સ્થંભ | સંસ્કૃત વિદ્યાલય-કાર્યાલય | ૩૧ લાખ |

# પુષ્ટિસંસ્કાર સંસ્થાન હેડ ક્વાર્ટર




- પુષ્ટિસંસ્કારધામ એક વિશાળ સંકુલ છે. જેમાં આધુનિક શિક્ષણ સાથે સંસ્કાર સિંચન અને આપણી પ્રાચીન સંસ્કૃતિ પ્રત્યેની અહોભાવનાને કાયમ રાખવા અનેકવિધ વિભાગો કાર્યરત હશે. આ સર્વ વિભાગોની જાળવણી માટે એક સુવ્યવસ્થિત પ્રકારની વ્યવસ્થા કરવી આવશ્યક છે. તેમજ પુષ્ટિસંસ્કાર સંસ્થાનની વિવિધ પ્રવૃત્તિઓ જેમકે પુષ્ટિસંસ્કાર પાઠશાલા, પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠ, પુષ્ટિસંસ્કાર પરિવાર, ગોશાલા આદિનું સંચાલન કોઇ ચોક્કસ વ્યવસ્થા સાથે એક જ જગ્યાએથી કરવું આવશ્યક છે. આ હેતુને પૂર્ણ કરવા માટે પુષ્ટિસંસ્કાર હેડઓફિસના ભવનનું નિર્માણ કરવામાં આવશે. જેમાં પુષ્ટિસંસ્કાર સંસ્થાનની વિવિધ પ્રવૃત્તિઓ તેમજ પુષ્ટિસંસ્કારધામના વિવિધ વિભાગોના સંચાલન માટેના અલગ-અલગ કાર્યાલયો કાર્યરત રહેશે.

| | |
|---|---|
| Total Budget | approx. 12 Cr. |
| Total Unit Area | 5 Bigha |

**Specifications**

Built-up area of the total structure will be approx. 50000 sqr. ft. and it will be a G+2 building with beautiful surrounding landscape.

## પુષ્ટિસંસ્કાર સંસ્થાન હેડ ક્વાર્ટર સહયોગ યોજના

| | |
|---|---|
| ગ્રાઉન્ડ ફ્લોર | ૧.૨૧ કરોડ x ૩ સ્થંભ |
| ફર્સ્ટ ફ્લોર | ૧.૨૧ કરોડ x ૩ સ્થંભ |
| સેકન્ડ ફ્લોર | ૧.૨૧ કરોડ x ૩ સ્થંભ |

# પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠ




- પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠમાં ગ્રન્થ અભ્યાસના વિવિધ કોર્સના માધ્યમથી ગ્રન્થ અધ્યયનનો લાભ સર્વ કોઈ જિજ્ઞાસુજન પ્રાપ્ત કરી શકશે. તદુપરાંત શ્રીવલ્લભાચાર્યજી પ્રકટિત પુષ્ટિભક્તિમાર્ગીય વિવિધ કલાઓનું જ્ઞાન પ્રાપ્ત કરાવનાર આ અભ્યાસ ક્રમમાં જોડાઇ શકશે. જેમાં પુષ્ટિમાર્ગીય ભગવત્સેવારીતિ, સાંજીકલા, આરતી સજાવટની વિશિષ્ટકલા, પુષ્પમાલા સિદ્ધ કરવાની કલાત્મક રીતિ, શૃંગાર સિદ્ધ કરવાનો પ્રકાર વગેરે પુષ્ટિકલાઓ માટેના અભ્યાસક્રમ તેમજ પુષ્ટિભક્તિમાર્ગીય સંગીત, સંસ્કૃતભાષા શીખવા માટેના વિવિધ અભ્યાસક્રમો પણ શરૂ કરવામાં આવશે.

| | |
|---|---|
| Total Budget | approx. 5 Cr. |
| Total Unit Area | 2 Bigha |

**Specifications**

Built-up area of the Pushtisanskar Vidyapeeth will be approx. 20000 sqr. ft.

## પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠ સહયોગ યોજના

| | |
|---|---|
| પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠ મેનેજમેન્ટ વિન્ગ | ૫૧ લાખ x ૩ સ્થંભ |
| પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠ એકેડમિક વિન્ગ | ૫૧ લાખ x ૩ સ્થંભ |

# પુષ્ટિસંસ્કાર સ્કૂલ




- શિક્ષણ સાથે સંસ્કાર એ આધુનિક યુગની અનિવાર્ય આવશ્યકતા છે.
- તેથી પુષ્ટિસંસ્કારધામમાં બાળકોના સર્વાંગપૂર્ણ વિકાસ માટે પ્રતિબદ્ધ પુષ્ટિસંસ્કાર સ્કૂલનું નિર્માણ થશે.
- ધોરણ ૧ થી ૧૨ માટે સી.બી.એસ.ઇ. એફિલિએટેડ સ્કૂલનું નિર્માણ થશે.
- વિદ્યાર્થીઓને સંસ્કારનો અભ્યાસક્રમ તથા સંસ્કૃતભાષા પણ વિશેષમાં ભણાવવામાં આવશે.
- રમત ગમતના મેદાન તથા શ્રેષ્ઠ વ્યવસ્થાઓનું નિર્માણ થશે.

| | |
|---|---|
| Total Budget | approx. 15 Cr. |
| Total Unit Area | 12 Bigha |

**Specifications**

**Built-up area of the total structure will be approx. 50000 sqr. ft. and many international level sports courts will be built along the school building.**

## પુષ્ટિસંસ્કાર સ્કૂલ સહયોગ યોજના

### પુષ્ટિસંસ્કાર સ્કૂલ બિલ્ડિંગ

( ૪ વર્ગખંડ X ૨૭.૭૫ લાખ = ૧.૧૧ કરોડ એક સ્થંભ )

આવા કુલ ૧૦ સ્થંભ
( કુલ ૪૦ વર્ગ, લેબ, કાર્યાલય વગેરે માટે )

# પુષ્ટિસંસ્કાર ગુરુકુલ




- પુષ્ટિસંસ્કાર સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સુવિધાપૂર્ણ ગુરુકુલની વ્યવસ્થા નિર્માણ થશે.
- ગુરુકુલમાં આશરે ૨૦૦ રૂમનું નિર્માણ થશે, જેમાં ૮૦૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થશે.
- વિદ્યાર્થીઓ માટે ભોજનાલય, લાઇબ્રેરી, પ્રાર્થના-સત્સંગ કક્ષ વગેરેનું નિર્માણ થશે.

| | |
|---|---|
| Total Budget | approx. 25 Cr. |
| Total Unit Area | 12 Bigha |

**Specifications**

2 Buildings of 50000 sq. ft. each will be constructed. Total structure will be approx. 1,00,000 sqr. ft. Along with that sports and recreational activity infrastructure will be built.

## પુષ્ટિસંસ્કાર ગુરુકુલ સહયોગ યોજના

### શ્રીવલ્લભ વિંગ

( ૧૦ રૂમ X ૧૧.૧૧ લાખ = ૧.૧૧ કરોડ એક સ્થંભ )

આવા કુલ ૧૦ સ્થંભ
( કુલ ૧૦૦ રૂમ, ભોજનાલય, લાઇબ્રેરી, પ્રાર્થના-સત્સંગ કક્ષ વગેર )

### શ્રીવિઠ્ઠલેશ વિંગ

( ૧૦ રૂમ X ૧૧.૧૧ લાખ = ૧.૧૧ કરોડ એક સ્થંભ )

આવા કુલ ૧૦ સ્થંભ
( કુલ ૧૦૦ રૂમ, ભોજનાલય, લાઇબ્રેરી, પ્રાર્થના-સત્સંગ કક્ષ વગેર )

# અતિથિ નિવાસ – Cottages




- પુષ્ટિસંસ્કારધામ રૂપે ધર્મસંસ્કૃતિના તીર્થ સમાન સ્થાનનું નિર્માણ થઇ રહ્યું છે. સંસ્કૃતિના જ્ઞાન-કલા-ઉત્સવ આદિ રૂપ વિવિધ પક્ષોને આત્મસાત્ કરવા માટે અહીં આવનાર વૈષ્ણવો માટે સુવિધાપૂર્ણ નિવાસ વ્યવસ્થાનું નિર્માણ કરવાના હેતુથી અતિથિ નિવાસ કોટેજિસ્ નું નિર્માણ કરવામાં આવશે.
- પરિવારની સાથે બાળકો રજાના દિવસોનો ગુણવત્તા યુક્ત સમય સંસ્કૃતિની નિકટ રહીને પસાર કરે, એ પણ આજના સમયની આવશ્યકતા છે.
- તેથી અતિથિ નિવાસમાં સુંદર વ્યવસ્થાવાળા **1 & 2 BHK Cottages** નિર્માણ થશે.

| | |
|---|---|
| Total Budget | approx. 10 Cr. |
| Total Unit Area | 6 Bigha |

**Specifications**

Built-up area of the total structure will be approx. 25000 sqr. ft. in total 25 cottages of 1 & 2 BHK.

## અતિથિ નિવાસ સહયોગ યોજના

**કોટેજ ક્લસ્ટર**

| | | | |
|---|---|---|---|
| કોટેજિસ્ કાર્યાલય | ૧.૨૧ કરોડ | જતિપુરા વિભાગ (૩ કોટેજ) | ૭૫ લાખ |
| નંદગાંવ વિભાગ (૫ કોટેજ) | ૧.૨૧ કરોડ | યમુનાકુંજ વિભાગ (૨ કોટેજ) | ૫૧ લાખ |
| બરસાના વિભાગ (૪ કોટેજ) | ૧.૧૧ કરોડ | ગોકુલ વિભાગ (૨ કોટેજ) | ૫૧ લાખ |
| વૃન્દાવન વિભાગ (૪ કોટેજ) | ૧.૧૧ કરોડ | મધુવન વિભાગ (૨ કોટેજ) | ૫૧ લાખ |
| આન્યોર વિભાગ (૩ કોટેજ) | ૭૫ લાખ | | |

# અતિથિ નિવાસ – Flats




- પુષ્ટિસંસ્કારધામમાં વિશાળ સંખ્યામાં વૈષ્ણવ વર્ગ જોડાયેલો છે.
- તેથી વધારે પ્રમાણમાં નિવાસ વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને પુષ્ટિસંસ્કારધામમાં Flatsનું નિર્માણ થશે.
- બે Buildings માં ૧ । ૨ BHK Flats નું નિર્માણ કરવામાં આવશે.
- જેમાં શ્રીપ્રભુને પધરાવીને આવતા વૈષ્ણવો માટે સેવાકક્ષની વ્યવસ્થાવાળા Flats પણ રહેશે.

| | |
|---|---|
| Total Budget | approx. 18 Cr. |
| Total Unit Area | 5 Bigha |

**Specifications**

Built-up area of the total structure will be approx. 75000 sqr. ft. in total 60 Flats of 1 & 2 BHK and dormitory. Both building will be a G+3 floors.

## અતિથિ નિવાસ સહયોગ યોજના

### શ્રીગોવર્ધન વિંગ

( ૩ ફ્લેટ X ૨૫ લાખ = ૭૫ લાખ એક સ્થંભ )

આવા કુલ ૧૦ સ્થંભ

કુલ ૩૦ ફ્લેટ

### શ્રીગોકુલ વિંગ

( ૩ ફ્લેટ X ૨૫ લાખ = ૭૫ લાખ એક સ્થંભ )

આવા કુલ ૧૦ સ્થંભ

કુલ ૩૦ ફ્લેટ




- પુષ્ટિસંસ્કારધામની મુલાકાતે આવતા વૈષ્ણવો માટે પ્રસાદ લેવાની સુવિધા આ વિભાગ દ્વારા પૂરી પાડવામાં આવશે.
- તદુપરાંત અતિથિ નિવાસમાં રહેવા આવેલા વૈષ્ણવો માટે પણ ભોજનની વ્યવસ્થા આ વિભાગમાંથી કરવામાં આવશે.
- ભોજનાલય-પ્રસાદ વિભાગમાં વિશાલ સુવિધાજનક સુંદર ભોજનકક્ષ, રસોઇ વિભાગ, ભંડાર કક્ષ વગેરેનું નિર્માણ થશે.

| | |
|---|---|
| Total Budget | approx. 7 Cr. |
| Total Unit Area | 5 Bigha |

**Specifications**

Built-up area of the total structure will be approx. 30000 sqr. ft.
It will be G+1 building.

## ભોજનાલય – પ્રસાદ વિભાગ સહયોગ યોજના

| ભોજનાલય બિલ્ડિંગ – ગ્રાઉન્ડ ફ્લોર | |
|---|---|
| રસોઈ વ્યવસ્થા | ૧.૨૧ કરોડ |
| ભોજન વ્યવસ્થા | ૧.૨૧ કરોડ |

| ભોજનાલય બિલ્ડિંગ – ફર્સ્ટ ફ્લોર | |
|---|---|
| રસોઈ વ્યવસ્થા | ૧.૨૧ કરોડ |
| ભોજન વ્યવસ્થા | ૧.૨૧ કરોડ |

# ઉદ્યાન – વલ્લભવન




- વલ્લભવન ઉદ્યાન વડીલો માટે તેમજ પરિવાર જનો માટે શ્રીવલ્લભના જ્ઞાન યુક્ત સુંદર સૂક્તિઓ સાથે પ્રાચીન પ્રારૂપથી નિર્મિત થશે.
- વલ્લભવનમાં શ્રીવલ્લભ સંલગ્ન વિવિધ પ્રસંગો અને ઉપદેશોનો સમાવેશ કરવામાં આવશે.
- વલ્લભવનમાં ૧ લાખ ચો.ફૂ.નું ઉદ્યાન નિર્મિત થશે.

| | |
|---|---|
| Total Budget | approx. 4 Cr. |
| Total Unit Area | 8 Bigha |

**Specifications**

Total garden area will be approx. 1,00,000 sqr. ft. and built-up area of the Udyan will be approx. 25,000 sqr. ft.

## ઉદ્યાન – વલ્લભવન સહયોગ યોજના

| | |
|---|---|
| વલ્લભ સ્મૃતિપ્રતીક | ૩૧ લાખ x ૬ સ્થંભ |
| ઉદ્યાન દ્વાર | ૫૧ લાખ |

# ઉદ્યાન – ગોકુલવન




- બાળકો સાથે આવેલા પરિવાર માટે ગોકુલવન એક મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.
- ગોકુલવનમાં બાળકો માટે વિવિધ રાઇડ્સ માણવા મળશે.
- ગોકુલવનમાં ભગવાન્ શ્રીકૃષ્ણની વિવિધ લીલા પ્રસંગોની પ્રતિકૃતિ નિહાળવા મળશે.
- બાળકોને જ્ઞાન સાથે ગમ્મતનો આકર્ષક સુયોગ ગોકુલવનમાં પ્રાપ્ત થશે.

| | |
|---|---|
| Total Budget | approx. 4 Cr. |
| Total Unit Area | 6 Bigha |

**Specifications**

Total garden area will be approx. 1,00,000 sqr. ft. and built-up area of the Udyan will be approx. 25,000 sqr. ft.

## ઉદ્યાન – ગોકુલવન સહયોગ યોજના

| | |
|---|---|
| ભગવદ્‌લીલા સ્મૃતિપ્રતીક | ૩૧ લાખ x ૬ સ્થંભ |
| ઉદ્યાન દ્વાર | ૫૧ લાખ |
| બાલક્રીડાંગણ (રાઇડ્સ ) | ૫૧ લાખ |

# શ્રીગોવિન્દઘાટ






| | |
|---|---|
| Total Budget | approx. 2 Cr. |
| Total Unit Area | 1000 Running Feet |

| Specifications |
|---|
| Built-up area of the Govind Ghat will be approx. 50000 sqr. ft. |

- પુષ્ટિસંસ્કારધામ સંકુલની મધ્યમાં યમુનાજીની ભાવનાથી નિર્મિત કુંડ.
- સંસ્કૃત વિદ્યાલયના વિદ્યાર્થીઓ સંધ્યા વંદનનો ક્રમ કરી શકે તથા વૈષ્ણવ પરિવાર ઘાટ પર વિહાર કરી શકે તે માટે ઘાટનું નિર્માણ.

## ગોવિન્દઘાટ સહયોગ યોજના

| | |
|---|---|
| ગોવિન્દઘાટ નિર્માણ કાર્ય (૫૦ હજાર ચો.ફુ.) | ૫૧ લાખ x ૪ સ્થંભ |

# પુષ્ટિસંસ્કારધામ મુખ્ય પ્રવેશ દ્વાર







| | |
|---|---|
| Total Budget | approx. 2.6 Cr. |

- પુષ્ટિસંસ્કારધામની ભવ્યતાને પ્રકટ કરતા વિશાલ પ્રવેશદ્વારનું નિર્માણ થશે .

## પુષ્ટિસંસ્કાર મુખ્ય પ્રવેશ દ્વાર

| | |
|---|---|
| મુખ્ય પ્રવેશ દ્વાર – કલ્ચરલ વિભાગ | ૧.૧૧ કરોડ x ૨ સ્થંભ |
| મુખ્ય પ્રવેશ દ્વાર – એકેડેમિક વિભાગ | ૭૫ લાખ x ૨ સ્થંભ |

# પુષ્ટિસંસ્કાર કન્વેન્શન લૉન




- પુષ્ટિસંસ્કાર કન્વેન્શન લૉનમાં વિવિધ ધાર્મિક, શૈક્ષણિક અને સામાજિક કાર્યક્રમો, કન્વેન્શન્સ, વર્કશોપ્સ વગેરે કર્યક્રમોનું આયોજન નિરંતર થતું રહેશે.

| | |
|---|---|
| Total Budget | approx. 3 Cr. |
| Total Unit Area | 5 Bigha |

**Specifications**

Convention lawn will be spreaded in approx. 75,000 sqr. ft. including a big stage and various green rooms. Sitting capacity of lawn will be of 10,000 people.

## પુષ્ટિસંસ્કાર કન્વેન્શન લૉન સહયોગ યોજના

| | |
|---|---|
| કન્વેન્શન લૉન વિસ્તાર | ૫૧ લાખ x ૨ સ્થંભ |
| કન્વેન્શન મુખ્ય સ્ટેજ | ૫૧ લાખ x ૨ સ્થંભ |




- ઑડિટોરિયમમાં પુષ્ટિસંસ્કાર સ્કૂલ અને ગુરુકુળના બાળકોના વિવિધ કાર્યક્રમો કરવામાં આવશે તેમજ આચાર્યશ્રી દ્વારા વિવિધ ગ્રંથ અધ્યયન શિબિર, પાઠશાલા અને વિદ્યાપીઠના બાળકો અને યુવાનોના વિવિધ વર્કશોપ્સ વગેરેનું આયોજન થશે.

| | |
|---|---|
| Total Budget | approx. 4 Cr. |
| Total Unit Area | 3 Bigha |

**Specifications**

Built-up area of the auditorium will be approx. 15,000 sqr. ft. with a sitting capacity of approx. 1200 person.

## ઓડિટોરિયમ સહયોગ યોજના

| | |
|---|---|
| ફર્સ્ટ ફ્લોર | ૫૧ લાખ x ૨ સ્થંભ |
| સેકન્ડ ફ્લોર | ૫૧ લાખ x ૨ સ્થંભ |
| મુખ્ય સ્ટેજ | ૫૧ લાખ |

# એમ્ફિથિયેટર




- એમ્ફિથિયેટરમાં પુષ્ટિસંસ્કાર સ્કૂલ અને ગુરુકુળના બાળકોના વિવિધ કાર્યક્રમો કરવામાં આવશે, પાઠશાલા અને વિદ્યાપીઠના બાળકો અને
- યુવાનોના વિવિધ વર્કશોપ્સ વગેરેનું આયોજન થશે, અને વિવિધ કલાઓ(આર્ટ, સંગીત, વાદન વગેરે ) ના વર્ગો તથા કાર્યક્રમો કરવામાં
- આવશે.

| | |
|---|---|
| Total Budget | approx. 1.5 Cr. |
| Total Unit Area | 2 Bigha |

**Specifications**

Built-up area of the amphi theatre will be approx. 10,000 sqr. ft. with a sitting capacity of 300 people

## એમ્ફિથિયેટર સહયોગ યોજના

| | |
|---|---|
| અમ્ફિથિયેટર વિસ્તાર અને મુખ્ય સ્ટેજ | ૫૧ લાખ x ૨ સ્થંભ |

# પુષ્ટિસંસ્કારધામ નિર્માણકાર્યની વર્તમાન સ્થિતિ

જૂન ૨૦૨૩






























## Corporate Social Responsibility

Pushtisanskar Sansthan Trust is registered under the CSR Department of the Ministry of Corporate Affairs, Government of India to conduct CSR Activities. The categories that we cover are Education, Community Development, and Healthcare.
Registration No. is CSR00026927

Many companies are actively contributing their CSR funds to our trust and fulfilling their responsibility towards society. You too can contribute your CSR funds to the various departments stated in this brochure. Contact us for more details.

# અન્ય સંલગ્ન સંસ્થાઓ તથા પ્રવૃત્તિઓ



श्रीवल्लभ गोशाला

## શ્રીવલ્લભ ગોશાલા

ગાવો વિશ્વસ્ય માતરઃ

न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते

PUSHTISANSKAR® SCHOOL

## પુષ્ટિસંસ્કાર સ્કૂલ

श्रीपुष्टिसंस्कार पाठशाला

तेजस्वी भूयासम्

## પુષ્ટિસંસ્કાર પાઠશાલા

पुष्टिसंस्कार विद्यापीठ

## પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠ



# શ્રીવલ્લભ ગોશાલા

આપણા જીવનની સર્વાંગીણ ઉન્નતિનો આધાર સાત્ત્વિકતા છે અને સાત્ત્વિકતાનો આધાર ગોમાતા છે. વેદથી લઈને આપણા સર્વ ધર્મશાસ્ત્રોમાં ગોમહિમાનું વર્ણન કરવામાં આવેલું છે. આપણી આધિભૌતિક, આધ્યાત્મિક તેમજ આધિદૈવિક ઉન્નતિના આધારરૂપ ગોમાતાનું સંરક્ષણ સંવર્ધન કરવું એ આપણા સૌનું કર્તવ્ય છે. આ ભાવનાથી નિ.લી. ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રી દ્વારા જૂનાગઢ - વાડલા મુકામે સન્ ૨૦૦૬માં શ્રીવલ્લભ ગોશાલાની સ્થાપના કરવામાં આવી હતી. ખૂબ સુંદર રીતે કાર્યરત આ ગોશાલાનો આજના સમયની આવશ્યકતા પ્રમાણે ગોમાતાના વિશેષ સુખનો વિચાર કરીને ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રીની અધ્યક્ષતામાં સન્ ૨૦૨૧માં જીર્ણોદ્ધાર કરવામાં આવ્યું.

ગાય, નંદી, બળદ, વાછરડા, વાછરડી, સર્વ ગોધન-ગોવંશના સંરક્ષણ-પાલન માટેની અલગ-અલગ વ્યવસ્થા કરવામાં આવી છે. ગોમાતા-ગોવંશના સ્વાસ્થ્ય માટે ગો-હોસ્પિટલ તેમજ ગો પ્રસૂતિગૃહની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. તદ્ઉપરાંત ઓડિટોરિયમ, બાલક્રીડાંગણ, પંચગવ્ય ઉત્પાદન સ્ટોર, શ્રીગોપાલ પ્રસાદમ્, સુંદર ગોશાલા પરિક્રમા માર્ગ વગેરે વિવિધ વિભાગોનું નિર્માણ ગોશાલાની શોભામાં અનેકગણો વધારો કરી રહ્યું છે. ગોપાલન-ગોસંવર્ધનના શ્રેષ્ઠ હેતુને પૂર્ણનિષ્ઠાપૂર્વક પાલન કરતી શ્રીવલ્લભ ગોશાલા સર્વ માટે આદર્શ ગોશાલાનું સ્વરૂપ ધારણ કરી પ્રેરણારૂપ બની રહી છે.

卐 શ્રીવલ્લભ ગોશાલા 卐

**શ્રીવલ્લભ ગોશાલા**

**ગાવો વિશ્વસ્ય માતરઃ**

**૪૫૦**
ગોમાતા

**૧૦૮**
પ્રેરિત ગોશાલાઓ



# પુષ્ટિસંસ્કાર સ્કૂલ

संस्कृति संस्कार सात्त्विकता शिक्षा शास्त्र

न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते

PUSHTISANSKAR®
SCHOOL

## પુષ્ટિસંસ્કાર સ્કૂલ

**૧૨૦૦**
**વિદ્યાર્થીઓ**

પુષ્ટિસંસ્કાર સ્કૂલ
પુષ્ટિબાલવાટિકા

પુષ્ટિસંસ્કાર પાઠશાલામાં અઠવાડિયામાં એક કે બે દિવસ સંસ્કાર સિંચન પ્રાપ્ત કરતા બાળકોની સંસ્કારિતાનું દર્શન કરીને એવી પ્રેરણા થઇ કે જો બાળકો અઠવાડિયામાં એક-બે દિવસમાં પાઠશાલાના માધ્યમથી આટલા સુંદર સંસ્કાર મેળવી શકતા હોય; તો જો નિત્ય એમનામાં આ સંસ્કારોનું સિંચન કરવામાં આવે તો અદ્‌ભૂત પરિણામ પ્રાપ્ત થાય. આ પ્રેરણાને ધ્યાનમાં લઇ બાળકોને આધુનિક શિક્ષણ સાથે સંસ્કાર અને સંસ્કૃતિ પ્રત્યેના અહોભાવરૂપ આભૂષણોથી સુશોભિત કરવા માટે પુષ્ટિસંસ્કાર બાલવાટિકા પ્રિ-સ્કૂલ અને પુષ્ટિસંસ્કાર સ્કૂલનો પ્રારંભ કરવામાં આવ્યો.

સન્ ૨૦૨૦માં પ્રારંભ થયેલ પુષ્ટિબાલવાટિકા પ્રિ-સ્કૂલ તેમજ સન્ ૨૦૨૧માં પ્રારંભ થયેલ પુષ્ટિસંસ્કાર સ્કૂલમાં ધો.૧ થી ૧૦ માં ગુજરાતી તેમજ અંગ્રેજી માધ્યમમાં ૧૨૦૦ જેટલા બાળકો; આધુનિક શિક્ષણ સાથે સંસ્કાર સિંચન પ્રાપ્ત કરી સર્વાંગીણ ઉન્નતિ સાથે શ્રેષ્ઠ જીવન જીવવાની દિશામાં અગ્રસર થઇ રહ્યા છે.



# પુષ્ટિસંસ્કાર પાઠશાલા

બાલ્યાવસ્થામાં જે સંસ્કાર પ્રાપ્ત થાય છે તે બાળકના સહજ વ્યક્તિત્વનું અંગ બની જાય છે. તેથી ધર્મસિદ્ધાન્ત તથા સંસ્કારોનું જ્ઞાન બાલ્યાવસ્થાથી જ પ્રદાન કરવાના શુભ હેતુથી પુષ્ટિસંસ્કાર પાઠશાલાની સ્થાપના કરવામાં આવી. ગામેગામ પુષ્ટિસંસ્કાર પાઠશાલાના કેન્દ્રોની સ્થાપના દ્વારા બાળકોમાં સંસ્કારસિંચનનો આ મહાયજ્ઞ સન્ ૨૦૧૧ માં પ્રારંભ થયો જે સતત ચાલી રહ્યો છે. પાઠશાલા દ્વારા બાળકોને સંસ્કૃત ગ્રન્થપાઠનું શુદ્ધ ઉચ્ચારપૂર્વક પઠન, શાસ્ત્રના સિદ્ધાન્તોનું જ્ઞાન, આચાર્ય તથા વૈષ્ણવોના ચરિત્રો દ્વારા શ્રેષ્ઠ જીવન જીવવાની પ્રેરણા પ્રાપ્ત થાય છે. ઉત્તમ વાણી - ઉત્તમ વિચાર - શાસ્ત્રજિજ્ઞાસા - સત્સંગ - વ્યસનમુક્ત જીવન - પ્રકૃતિપ્રેમ - સ્વચ્છતા-સ્વાવલંબન જેવા ગુણો બાળકોમાં વિકસિત થાય તે પ્રકારનો અભ્યાસક્રમ અને પ્રવૃત્તિઓ પાઠશાલાના માધ્યમથી વિશાલ ફલક સુધી આપણે પહોંચાડી શક્યા છીએ.

श्रीपुष्टिसंस्कार पाठशाला
तेजस्वी भूयासम्

**પુષ્ટિસંસ્કાર પાઠશાલા**

**૩૦૦** પાઠશાલા

**૧૯૦** ગામ-શહેરો

**૧૨૧૩૬** વિદ્યાર્થીઓ



# પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠ

## પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠ

પુષ્ટિસંસ્કાર પાઠશાલાની સફળતા પછી સન્ ૨૦૧૬માં આચાર્યશ્રી દ્વારા પુષ્ટિગ્રન્થોના અભ્યાસ માટેનો પ્રકલ્પ એટલે કે પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠની સ્થાપના કરવામાં આવી. ૧૬ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા યુવાનો તેમ જ સર્વ જનો માટે પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠની સ્થાપના થઇ છે.

યુવાનો પોતાના શિક્ષણ, કારકીર્દી, વ્યવસાય, પારિવારિક જવાબદારીઓમાં વ્યસ્ત હોવાને કારણે પૂરતો સમય આપી શકતા ન હોય તેમની માટે વિદ્યાપીઠમાં ડિસ્ટન્સ એજ્યુકેશન અને ઓનલાઇન લર્નિંગ કોર્સને પણ અમલમાં મૂકવામાં આવ્યું છે. અભ્યાસક્રમની રચના એ રીતે કરવામાં આવી છે કે જેથી વિશ્વના કોઇપણ સ્થળેથી આપણા ગ્રન્થો- સિદ્ધાન્તોનો અભ્યાસ કરી શકાય અને ઓનલાઇન પરીક્ષા આપી સર્ટિફિકેટ પ્રાપ્ત કરી શકાય. હજી આ ક્રમમાં ગીતા અભ્યાસક્રમ, સંસ્કૃતભાષા અભ્યાસક્રમ, પુષ્ટિભક્તિસંગીત અભ્યાસ ક્રમ આદિ માટેનું આયોજન થઇ રહ્યું છે જે નિકટ ભવિષ્યમાં કાર્યાન્વિત થશે. ભારત તથા અન્ય દેશોના ઘણા વિદ્યાર્થીઓ આ અભ્યાસક્રમ સાથે જોડાયા છે.

**૪૩૭૦** વિદ્યાર્થીઓ

**૨૮૮** શહેરો

**૧૫** દેશ

# સમ્પન્ન થયેલા આયોજનો

## પુષ્ટિસંસ્કારધામ નિર્માણ પ્રારંભ મહોત્સવ ૧૦,૧૧,૧૨ જાન્યુઆરી ૨૦૨૦

### ફેઝ – ૧

#### તા. ૧૦ જાન્યુઆરી ૨૦૨૦ – શુક્રવાર

તા. ૧૦-૦૧-૨૦૨૦ ના રોજ સાત્ત્વિક્તાના આધાર સમ ગોમાતાના પૂજન દ્વારા પુષ્ટિસંસ્કારધામ નિર્માણ પ્રારમ્ભની શુભ શરૂઆત થયા બાદ આચાર્યશ્રી પરિવાર દ્વારા પુષ્ટિમાર્ગ અને સંસ્કાર વિષય પર લાઇટ અને સાઉન્ડ પ્રદર્શનીનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. સાથે સાથે પુષ્ટિમાર્ગીય પિછવાઇ, સાંજી, આરતી આદિ વિવિધ કલા પ્રદર્શની પણ ખૂલ્લી મુકવામાં આવેલ. સંધ્યા સમયે ત્રિદિવસીય મહોત્સવનો પ્રારમ્ભ શ્રીઆચાર્યશ્રી પરિવાર દ્વારા શ્રીમહાપ્રભુજીના ચિત્રજીને માલ્યાર્પણ કરી, દીપ પ્રાકટ્ય કરીને કરવામાં આવ્યો. પ્રથમ દિવસે વૃન્દાવન વ્રજની રાસમંડલી દ્વારા ભગવાન્ શ્રીકૃષ્ણની લીલાની સુંદર ઝાંખી કરાવવામાં આવી હતી. આ ત્રિદિવસીય કાર્યક્રમને પુષ્ટિસંસ્કાર પાઠશાલાના બાળકો દ્વારા જ સંચાલિત કરવામાં આવેલ હતો.













#### તા. ૧૧ જાન્યુઆરી ૨૦૨૦ – શનિવાર

ઉત્સવના દ્વિતીય દિવસ તા. ૧૧-૦૧-૨૦૨૦ના રોજ ઉપસ્થિત આચાર્યશ્રીઓ તેમજ સંતો-મહંતો દ્વારા શ્રીમહાપ્રભુજીના ચિત્રજીને માલ્યાર્પણ અને દીપ-પ્રાકટ્ય કરી કાર્યક્રમનો પ્રારમ્ભ થયો. વિશાળ સંખ્યામાં ઉપસ્થિત પાઠશાલાના બાળકો સંચાલકો, શિક્ષકો અને વૈષ્ણવવૃંદે મંગલરૂપનિધાન, પ્રભાતેસવેળા, સંસ્કાર સંવાદ, ગોપીજનવલ્લભાષ્ટકમ્, પુષ્ટિસંસ્કારધામગીત, જળ કમલ છાંડી જાને બાળા,ગાવત ગોપી મધુ મૃદુબાની કીર્તન, શોભા સલૂણા શ્યામની, હોરી રસિયાની પાઠશાલાના બાળકો દ્વારા રજુ કરવામાં આવેલી કૃતિઓને નિહાળી આહ્લાદકતા અનુભવી હતી.

## ફેઝ – ૧

## તા. ૧૨ જાન્યુઆરી ૨૦૨૦ – રવિવાર

ત્રિદિવસીય મહોત્સવના ત્રીજા દિવસે તા. ૧૨-૦૧-૨૦૨૦ના રોજ પ્રાતઃ કાલીન ઉત્સવ સત્રમાં નવનિર્માણાધીન પુષ્ટિસંસ્કારધામના નિર્માણ પ્રારમ્ભ કરવા માટે ભૂમિ શુદ્ધિકરણ ક્રમમાં ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રીના મુખ્ય સ્થાને અન્ય સહયોગી વૈષ્ણવો સાથે વિષ્ણુયાગનું સુંદર આયોજન કરવામાં આવેલું હતું.

વિદ્વાન બ્રાહ્મણો દ્વારા વેદ મંત્રોચ્ચાર સાથે યજ્ઞવિધિનો પ્રારમ્ભ થતા જ સમગ્ર સંકુલમાં અદ્‌ભુત દિવ્યતાની અનુભૂતિ સૌ કોઇને અનુભવાઇ હતી.

મધ્યાહ્‌ન બાદના સત્રનો આચાર્યશ્રી પરિવાર તેમજ સંતમહંતો દ્વારા શ્રીવલ્લભના ચિત્રજીને માલ્યાર્પણ તેમજ દીપ-પ્રાકટ્ય કરી પ્રારમ્ભ કરવામાં આવેલો હતો. નંદભવન કો ભૂષણ માઇ, અર્થ સહિત વેદ મંત્ર પઠન, દેખો સૂર્ય ઉદય હુવા હૈ, સંસ્કારો સે શોભા હમારી, સરલભાષા સંસ્કૃતમ્, સંસ્કૃત સંવાદ, શ્રીવલ્લભપ્રણત્યષ્ટકમ્, પૂર્ણમદઃ પૂર્ણમિદં, પ્રલય પયોધિ, વાદ્ય વાદન, રંગ હોરી મચાઇ દઇ રે વગેરે કૃતિની પ્રસ્તુતિ પાઠશાલાના બાળકો દ્વારા કરવામાં આવી હતી. આમંત્રિત આચાર્યશ્રીઓ, સંતો-મહંતો, મહેમાનો અને વિશાળ વૈષ્ણવવૃંદ આ સર્વ કૃતિઓ નિહાળીને ભાવવિભોર બની ગયા હતા. આ રીતે સમગ્ર ત્રિદિવસીય મહોત્સવ અત્યંત આનંદપ્રદ અને પુષ્ટિ અસ્મિતાના ગૌરવને તેમજ સંસ્કારોને ઉજાગર કરનાર બની રહ્યો.












।। श्रीकृष्णाय नमः ।।

।। श्रीवल्लभाधीशो जयति ।।

# पुष्टिसंस्कारधाम

## સપ્તદિવસીય મહોત્સવ

## શિલાન્યાસ મહોત્સવ

ફેઝ ૨

**૧૪ થી ૨૦ ડિસેમ્બર ૨૦૨૩**



**: કાર્યક્રમ સ્થળ :**

પુષ્ટિસંસ્કારધામ નિર્માણ સ્થાન,
વડાલ-કાથરોટા રોડ, વડાલ(જૂનાગઢ)



## Important Note

| | |
|---|---|
| Trust Name: | Shree Pushtisanskar Sansthan |
| Incorporation Year: | 2011 |
| Incorporation Place: | Moti Haveli - Junagadh (Gujarat, India) |
| Spiritual Head: | Goswami Shree Piyush Bavashri |
| PAN No.: | AAMTS2748H |
| 80G No.: | AAMTS2748HF20135 |
| CSR No.: | CSR00026927 |
| FCRA No.: | 042030061 |
| Bank Account (India) | Bank Name: HDFC Bank<br>A/C Name: Shree Pushtisanskar Sansthan<br>A/C Number: 50100208261098<br>A/C Type: Savings Account<br>IFSC Code: HDFC0000231 |
| Bank Account (Foreign Currency) | Bank Name: SBI<br>A/C Name: Shree Pushtisanskar Sansthan<br>A/C Number: 40234732724<br>A/C Type: FCRA Savings Account<br>IFSC Code: SBIN0000691<br>SWIFT Code: SBININBB104 |

**For project related queries or in-order to contribute in this project please contact:**

**Anand Thakkar**
+91 91735 97595

**Kirit Gajera**
+91 99099 90875

**Arjun Pachani**
+91 98798 32427

**Executive Board:**

Bipinbhai Hadvani, Vallabhbhai Katariya, Sanjaybhai Koradiya, Manojbhai Tanna, Mathurbhai Ramani, Krupeshbhai Gajipara, Chetanbhai Paghdar, Bharatbhai Fuletra, Jayendrabhai Tanna, Mukeshbhai Bhayani, Minjalbhai Kasundra.

पुष्टिसंस्कारधाम


પુષ્ટિસંસ્કારધામ, વડાલ-કાથરોટા રોડ, વડાલ-જૂનાગઢ
પુષ્ટિસંસ્કાર સંસ્થાન, મોટી હવેલી - જૂનાગઢ

ફોન - (૦૨૮૫) ૨૬૮૦૧૧૧, (૦૨૮૫) ૨૬૨૧૧૧૧

www.pushtisanskardham.org | www.pushtisanskar.org

info@pushtisanskar.org



Images show in the brochure is for conceptual understanding only.
Actual construction will be done based on architectural plan given by project architect